A.M.C. MEDICAL EDUCATION TRUST

સરકયુલર નં.૦૫ તા.૨૭/૦૭/૨૦૨૧

ઈન્કમટેક્ષ સેકશન ૧૯૪- Q મુજબ માલ સામાન ખરીદી પર ૦.૧૦% લેખે તા.૦૧.૦૭.૨૦૨૧થી ટીડીએસની કપાત કરવા બાબત

સેક્રેટરીશ્રી (એએમસી મેટ)ઠરાવ નં.૦૫ તા.૨૭.૦૭.૨૦૨૧થી મળેલ મંજુરી અન્વયે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨થી ઈન્કમટેક્ષ સેકશન ૧૯૪ - Q મુજબ માલ સામાન ખરીદી પર ૦.૧૦% લેખે ટી.ડી.એસ. કપાતનો અમલ કરવા જણાવેલ છે. જેનો અમલ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૧ માં તા.૦૧.૦૭.૨૦૨૧થી એએમસી મેટ દ્વારા કરવામાં આવનાર છે.

ઉપરોકત જણાવ્યા મુજબ હવેથી એએમસી મેટની વિવિધ કોલેજો/હોસ્પિટલો દ્વારા તમામ પ્રકારના માલસામાનની ખરીદી/સપ્લાયના બીલોમાં ટી.ડી.એસ.ની કપાત કરવાની થાય છે. તે અંગે જે તે કોલેજ/હોસ્પિટલ દ્વારા જે તે વેન્ડરો/સપ્લાયરોનું પાછલા નાણાંકીય વર્ષનું કુલ ટર્ન ઓવર રૂ.૧૦/- કરોડથી વધુ હોય તથા માલસામાનની ખરીદીનું કુલ બીલ રૂ.૫૦/-લાખ કે તેથી વધુ હોય અથવા હાલના સમગ્ર નાણાંકીય વર્ષ દરમ્યાન ખરીદી/સપ્લાય અંગેના બીલોની કુલ રકમ રૂ. ૫૦/- લાખ કે તેથી વધુ હોય તેવા કેસમાં બીલની રકમના ૦.૧૦% લેખે ટી.ડી.એસ.ની કપાત કરવાની થશે.

આમ ઉપરોકત જણાવેલ બંને શરતોનું પાલન થતુ હોય તેવા જ કિસ્સાઓમાં ખરીદી અંગેના બીલોમાંથી ટી.ડી.એસ.ની કપાત કરવાની રહેશે.સદરહુ બાબતે જો આવા પ્રકારની ટી.ડી.એસ. અંગેની કપાત લાગુ પડતી હોય તો વેન્ડર/સપ્લાયર દ્વારા તેઓની સંસ્થાનું પાછલા નાણાંકીય વર્ષનું કુલ ટર્ન ઓવર રૂ.૧૦/- કરોડ થાય છે કે નહિ. તે અંગે સેલ્ફ ડિકલેરેશન પોતાની સંસ્થાના લેટર પેડ પર આપવાનું રહેશે. અથવા જે તે કોલેજ/હોસ્પિટલ દ્વારા વેન્ડર/સપ્લાયર પાસેથી લેવાનું રહેશે.

સદરહુ સરકયુલરનો અમલ તા.૦૧.૦૭.૨૦૨૧થી કરાવવા અંગે દરેક કોલેજ/હોસ્પિટલના વડાશ્રીએ પોતાની કોલેજ/હોસ્પિટલના કોન્ટ્રાકટરોના બીલો બનાવતા બીલ કલાર્ક સહિતના સંબંધિત સ્ટાફને જરૂરી સુચન કરવાનું રહેશે.

27/7/21

ડાયરેકટર
એએમસી મેટ

Registered Office: Ahmedabad Municipal Corporation, Dr. Ramanbhai Patel Bhavan, Usmanpura, Ahmedabad - 380 013,
Phone : (O) +91-79-2755 1122 • Fax : +91-79-2755 1299
Present Office Address:
Ground Floor, N. H. L. Municipal Medical College Premises, V. S. Hospital Compound, Ashram Road,
Ahmedabad - 380 006. Telephone No. 07926577621 - Ext. 232, Direct Telephone No. / Fax No. 07926579185
Email: dydiramcmet@gmail.com